**<u>મહે. બીજા એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં મુ.અમરેલી</u>**

**ફોજદારી કેસ નં. ૩૦૩૭/૨૦૨૩**

**આંક–**

ફરીયાદી:– શ્રી સરકાર

વિ.

**આરોપી:– મહેશભાઈ મોહનભાઈ ટીમાણીયા**

**<u>ગુનો:–ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ–૨૦૧૭ ની કલમ–૬૬(૧) બી મુજબ.</u>**

**<u>–:: ઠરાવ ::–</u>**

(૧) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના પત્ર અન્વયે નામ.જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, અમરેલી તરફથી સ્પેશયલ સીટીંગની અમો મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ–૨૦૧૭ ની કલમ ૬૬(૧) બી મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પોલીસ ધ્વારા આરોપી સામે ચાર્જસીટ રજુ રકવામાં આવેલ છે.

(૩)આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાંઆવેલ છે અને તેઓએ ગુનો કબુલ કરેલાનુ જણાવેલ છે. વધુમાં આરોપી દવારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે. અમો ગરીબ ઘરના ઈસમ છીએ, છુટક મજુરી કામ કરીએ છીએ આ આવી મજુરી પણ કાયમી મળતી નથી. વધુમાં મૌખીક રજુઆત કરેલ છેકે, અમારી આર્થીક પરીસ્થીતી સારી નથીજેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અમારો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછી સજા અને દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકીકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ દયાને લેતા જયારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય, તેઓની સામેનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરીસ્થીતીને ધ્યાને લેતા તેમજ આ તબકકે નામદાર વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર જી. એલ. આર. ૨૦૦૫ (૧)જી.એલ.આર. ૭૦૯'', ચુકાદા ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ મા જણાવેલ કારણો ધ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકતી હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ કાયદા ધ્વારા નકી કરવામાં આવેલ કરતા ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંક ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનીયમ–૨૦૧૭ ની કલમ–૬૬(૧) બી મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી. મુદામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવ છે.

આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં હુકમ જાહેર કર્યો.

તા. ૦૯–૦૯–૨૦૨૩.

બીજા એડી.જયુડી. મેજી. ફ.ક.

અમરેલી

**દંડરૂ............પાવતી નં..........**

**તા. ૦૯/૦૯/૨૩ ના રોજ જમા લીધા.**

**નાઝીર,**

**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રે કોર્ટ, અમરેલી.**